CERTIFICATE NO.: T-2486

श्री IMP®
# IMP POWERS LTD.
Corporate Office : 35/C, Popular Press Building, 2nd Floor PT M.M. Malviya Road, Tardeo, Mumbai- 34. Tel.: +91 22 2353 9180-84
Fax : +91 22 2353 9186-87 • E-mail : info@imp-powers.com
CIN : L31300DN1961PLC000232

Date: November 5, 2018

To,

| | |
|---|---|
| The Manager,<br>Department of Corporate Services,<br>BSE Limited<br>1st Floor New Trade Wing<br>Rotunda Building, P. J. Towers, Dalal Street<br>Fort, Mumbai 400 001<br>BSE Code: 517571 | The Manager,<br>Listing Compliance<br>National Stock Exchange of India Limited<br>Exchange Plaza, C-1, Block G,<br>Bandra Kurla Complex<br>Bandra (E) Mumbai 400 051<br>Symbol: INDLMETER |

Dear Sir,

**Sub: Submission of newspaper advertisement of Notice of the Board Meeting of the Company schedule to be held on Tuesday, November 13, 2018**

In terms of Regulation 30 read with Part A of Schedule III of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, we have to inform you that the Company has published the notice of Board Meeting schedule to be held on Tuesday, November 13, 2018 in Business Standard (English newspaper) edition dated November 3, 2018 and Western Times (Gujarati Newspaper) edition dated November 3, 2018 as per Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.

Please find the enclosed below copies of Newspaper articles as published in both the above mentioned newspaper.

Kindly take the above on your records.

Thanking you.

Yours faithfully,
**For IMP POWER LIMITED**

Priyashah

Priya Shah
Company Secretary

श्री

**IMP**

## IMP POWERS LTD.

**Regd.Off.:** Survey No.263/3/2/2, Village Sayli, Umerkuin Road, Silvassa 396230, Dadra & Nagar Haveli (U.T.)
**Tel:** 0260-6538571; **Fax:** 0260-2681043
**Website:** www.imp-powers.com; **Email:** cs@imp-powers.com
**CIN: L31300DN1961PLC000232**

### Notice

Pursuant to Regulation 29 read with Regulation 47 of the SEBI(Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, notice is hereby given that meeting of the Board of Directors of the Company is scheduled to be held on Tuesday, November 13, 2018 at 12.30 p.m. at the Corporate Office of the Company i.e. 35/C, 2nd Floor, Popular Press Building, P.T. M. M. Malviya Road, Tardeo, Mumbai-400034, to consider and approve, inter-alia, Un-audited Financial Results for the second quarter and half year ended September 30, 2018 along with the Statement of Assets and Liabilities for the half year ended September 30, 2018. The said notice is also available on the Company's website at www.imp-powers.com and on the stock exchanges website at www.bseindia.com and www.nseindia.com.

**By Order of the Board**
**For IMP Powers Limited**
**Sd/-**
**Priya Shah**
**Company Secretary**

**Date : November 2, 2018**
**Place : Mumbai**

## STEEL AUTHORITY OF INDIA LIMITED

**Rourkela Steel Plant**
Rourkela - 769 011, Odisha, India

Tender Notice for "Providing deer mash & Ostrich feed to IG Park Zoo & Deer Park"

Tender No.: RSP/ÇC(TE)/031/540/1882100124/01/00/500005922

Last date & time of tender submission : 4:00 PM on Dtd. 12.11.2018

Corrigendum To Tender Notice for "REPAIR JOBS OF FLUX CRUSHER AND SCREENS OF OBBP PH-III."

Tender No: 021/215/1882000436/01/00/500005865, Dtd. 22.09.2018
Extended Last Date & Time of Tender Submission:4:00 PM on Dtd. 08.11.2018

Corrigendum To Tender Notice for "ENABLING JOBS FOR HANDLING OF PIG IRON, CDI COAL, SINTER IN BF."

Tender No: 021/643/1888100079/01/00/500005873, Dtd. 26.09.2018
Extended Last Date & Time of Tender Submission:04:00PM on Dtd. 08.11.2018

Tender Notice for "PROCUREMENT OF 15MM LANCING PIPE for 2018-19"

Tender No. : 004/004/1823000010/02/00 Dtd. 27.10.2018

Last date & time of Tender submission : 4.00 P.M.on Dtd. 15.11.2018

For details & downloadable tender document log on to our SAIL Website https:// www.sailtenders.co.in(unit RSP, Category'Contracts')

Registered Office: Ispat Bhawan, Lodi Road, New Delhi 110 003
Corporate Identity Number: L27109DL1973GOI006454, Website: www.sail.co.in

*There's a little bit of SAIL in everybody's life*

# TVS Electronics Limited

**TVS ELECTRONICS**

Regd. Office: "Jayalakshmi Estates", No.29, Haddows Road, Chennai 600 006. Ph (044) 4200 5200
e-mail Id: webmaster@tvs-e.in | Website : www.tvs-e.in | Corporate Identity Number : L30007TN1995PLC032941

## Extract of Standalone Unaudited Financial Results for the Quarter and Half Year ended September 30, 2018

(₹ in Lakhs)

| S. No. | Particulars | Standalone Unaudited Financials | | | |
|---|---|---|---|---|---|
| | | Three months ended | Half year ended | Three months ended | Year ended |
| | | September 30, 2018 | September 30, 2018 | September 30, 2017 | March 31, 2018 |
| | | Unaudited | | | Audited |
| 1 | Total Income from operations | 73,935 | 2,64,486 | 95,810 | 4,10,890 |
| 2 | Net Profit / (Loss) for the period (before tax, Exceptional and / or Extraordinary items) | 580 | 1,278 | 721 | 2,076 |
| 3 | Net Profit / (Loss) for the period (before tax, after Exceptional and / or Extraordinary items) | 236 | 934 | 721 | 2,445 |
| 4 | Net Profit / (Loss) for the period (after tax, after Exceptional and / or Extraordinary items) | 23 | 484 | 591 | 1,624 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit/ (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 16 | 486 | 591 | 1,602 |
| 6 | Paid-up equity share capital (Face Value of the Share is Rs 10/- each) | 1,861 | 1,861 | [illegible] | [illegible] |

નવેમ્બરથી માર્ચ
ઉમરાહ
૧૮ દિવસ - Rs.45000
૨૨ દિવસ - Rs.50000
૧૮ દિવસ - Rs.55000

મેરે ગરીબ નવાઝ ટુર્સ
અમદાવાદથી જવુ હોય તો ૫૦૦૦ વધારે

રમઝાન દિ-૩૫
કેશ Rs.80000/- 110000

2019 હજ
કેશ Rs.225000/- પેપર વિઝા
હજ Rs.180000/- મલ્ટી વિઝા - દિ-૩૦

૨૯૬૫, મુસ્તુફા શહીદી મસ્જિદ પાછળ, ઢોળ ફળી, જમાલપુર ચકલા, અમદાવાદ, મો.૯૨૬૫૨૨૧૪૧૭, ૯૭૨૫૭૫૭૫૪૪

# યોગી આદિત્યનાથે સ્ટેચ્યુ ઓફ યુનિટી નિહાળ્યું

**મુખ્યમંત્રી રૂપાણીએ સમગ્ર મુલાકાત દરમિયાન સાથે જ રહીને યોગીને વિગતો આપી : યોગી ખુબ પ્રભાવિત થયા**

**અમદાવાદ,**

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથએ ભારતની એકતા અખંડિતતાનો વિશ્વને સાક્ષાત્કાર કરાવીને આવનારી પેઢીઓ સુધી એક ભારત-શ્રેષ્ઠ ભારતનો ભાવ પ્રેરિત કરતા વિશ્વના સૌથી ઊંચા ‘સ્ટેચ્યૂ ઓફ યુનિટી’ સરદાર સાહેબની વિરાટત્તમ પ્રતિમાની નિરીક્ષણ મુલાકાત કેવડીયા પહોંચીને કરી હતી. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ તેમને ગુજરાત સરકાર અને સૌ ગુજરાતીઓ વતી આવકાર્યા હતા. વિજય રૂપાણીએ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી સાથે વેલી ઓફ ફલાવર્સ, ટેન્ટ સિટી, સરદાર સાહેબના જીવન કવનના પ્રદર્શન, વોલ ઓફ યુનિટી સહિતના સમગ્ર પરિસરની મુલાકાતમાં સાથે રહીને વિસ્તૃત વિવરણ આપ્યું હતું. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીએ સરદાર સાહેબને ભાવાંજલિ આપતાં કહ્યું કે, દેશની એકતા અખંડિતતાના આ શિલ્પીની વિરાટત્તમ પ્રતિમા રાષ્ટ્રની વૈશ્વિક ઓળખ બની છે. તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દીર્ઘદ્રષ્ટિપૂર્ણ આયોજન અને દ્રઢ સંકલ્પ સાથે સરદાર સાહેબની વિશ્વની ઊંચામાં ઊંચી પ્રતિમાનું નિર્માણ કરાવીને સરદાર સાહેબ અને ગુજરાતનું ગૌરવ ઉન્નત કર્યુ છે તેમ પણ ઉમેર્યુ હતું. યોગી આદિત્યનાથએ પ્રચાર માધ્યમો સાથે સંવાદ સાધતા કહ્યુ કે, ૫૬૨ રજવાડાઓને એક કરીને ભારત વર્ષને એકતાના તાંતણે બાંધનારા સરદાર સાહેબનું આ કાર્ય આવનારા યુગો સુધી યુવા પેઢીને પ્રેરણા આપશે અને રાષ્ટ્રચેતનાનો સંચાર કરશે. સરદાર સાહેબની કલ્પાનાને સરદાર સરોવ બંધના નિર્માણ સાથે સાકાર કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના કિસાનોને સિંચાઈની સુવિધા આપીને, ગુજરાતને સમૃદ્ધિ તરફ લઈ જવા વિકાસના ધ્વાદર ખોલી આપ્યાક છે. એવી આ ભુમિના સ્થાડનિક આદિવાસીઓ માટે સ્ટેચ્યૂ ઓફ યુનિટીને વર્લ્ડ કલાસ ટૂરિઝમ સેન્ટર તરીકે વિકસાવીને ટૂરીસ્ટ ગાઇડ તરીકે રોજગાર અવસર પૂરા પાડયા છે તે માટે અભિનંદન પાઠવ્યા હતા. આ અવસરે નર્મદા નિગમના સીએમડી એસએસ રાઠોર, નિગમના સંયુકત વહીવટી સંચાલક સંદીપકુમાર, જિલ્લા કલેકટર આરએસ નિનામા, જિલ્લા વિકાસ અધિકારી ડૉ.જીમ્સી વિલિયમ્સબ, નાયબ વન સંરક્ષક ડૉ.કે.શશીકુમાર અને પ્રતિક પંડયા, નિગમના ચીફ એન્જિનિયર પીસી વ્યાસિ સહિત અધિકારીઓ જોડાયા હતા.



હિન્દુઓના પવિત્ર તહેવારને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે અમદાવાદ શહેરના મુખ્ય બજારમાં ખરીદી કરવા લોકોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. (તસ્વીર: જયેશ મોદી)

## હાઇકોર્ટના વકીલના ઘરમાંથી રૂપિયા ૯૦ હજારની ચોરી થઇ

**અમદાવાદ,**

શહેરના બોડકદેવ વિસ્તારના પ્રેમચંદનગર રોડ પર આવેલા સાકેત બંગલોઝમાં રહેતા ગુજરાત હાઈકોર્ટના વકીલના ઘરમાંથી રોકડા રૂ. ૯૦ હજારની ચોરી થઈ હોવાની ફરિયાદ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. ગુમ થયેલી ચાવીથી અથવા ડુપ્લીકેટ ચાવીથી ઘર ખોલી તસ્કરોએ ચોરીને અંજામ આપ્યાની આશંકા સેવાઈ રહી છે. વસ્ત્રાપુર પોલીસે હાલ આ મામલે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, બોડકદેવ વિસ્તારના પ્રેમચંદનગર રોડ પર આવેલા સાકેત બંગલોઝમાં રહેતા અર્પિતભાઈ સંઘવી ગુજરાત હાઈકોર્ટમાં વકીલ છે. તેમના મોટાભાઈ ઈસરોમાં ફરજ બજાવે છે. બે દિવસ પહેલાં તેમના માતા-પિતા થાઈલેન્ડ ગયા હતા. ગઈકાલે સવારે અર્પિતભાઈ અને તેમના ભાઈ ઘર બંધ કરી ઓફિસે ગયા હતા.



અમદાવાદ શહેરમાં ટ્રાફિકની સમસ્યા હળવી કરવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશનનું તંત્ર સફાળુ જાગ્યું છે. અને શહેરના અનેક વિસ્તારોમાંથી ગેરકાયદેસર બાંધકામો દૂર કરવામાં આવી રહ્યા છે. તસ્વીરમાં શહેરના બહેરામપુરા વિસ્તારમાંથી ગેરકાયદેસર કામ દૂર કરતાં મ્યુનિસિપલ કર્મચારીઓ નજરે પડે છે. (તસ્વીર : જયેશ મોદી)

# સૌરાષ્ટ્રભરના માર્કેટ યાર્ડમાં હડતાળ

**કૃષિમંત્રી ફળદુના પુતળાનું દહન કરાયું : ભાવાંતર યોજના તાત્કાલિક લાગૂ કરવા વેપારીની માંગ**

**અમદાવાદ,**

રાજય સરકાર દ્વારા અગાઉ ટેકાના ભાવે ખરીદીમાં થયેલા કૌભાંડો બાદ ખેડૂતોના હિતમાં તાત્કાલીક અસરથી ભાવાંતર યોજના લાગુ કરવાની માંગણીનું સરકાર દ્વારા નિરાકરણ નહી આવતા આખરે રાજકોટ સહિત સૌરાષ્ટ્રના માર્કેટિંગ યાર્ડોમાં અચોક્કસ મુદતની હડતાળ શરૂ થતાં તેના ઘેરા પ્રત્યાઘાત આજે સામે આવ્યા હતા. આજે રોષે ભરાયેલા વેપારીઓ દ્વારા રાજકોટમાં રાજયના કૃષિમંત્રી આર.સી.ફળદુના પૂતળાનું દહન કરવામાં આવ્યું હતું અને જોરદાર સૂત્રોચ્ચાર અને દેખાવો કરી ઉગ્ર દેખાવો કરવામાં આવ્યા હતા. વેપારીઓએ તેમના અને ખેડૂતોના હિતમાં તાત્કાલિક ધોરણે ભાવાંતર યોજના લાગુ કરવા ઉગ્ર માંગણી કરી હતી. સમગ્ર સૌરાષ્ટ્રના માર્કેટયાર્ડના વેપારીઓની હડતાળને પગલે તમામ કામગીરી ઠપ્પ થઈ ગઈ છે, તો બીજીબાજુ, હડતાળના કારણે ખેડૂતોની હાલત પણ કફોડી બની છે. સરકારની નીતિ સામે સૌરાષ્ટ્ર એપીએમસી વેપારી એસોસીએશને આંદોલનનું રણશીંગું ફૂંક્યું છે. જે અંતર્ગત ગઈકાલથી રાજકોટ સહિત સૌરાષ્ટ્રના માર્કેટિંગ યાર્ડોમાં અચોક્કસ મુદતની હડતાળ શરૂ કરવામાં આવી છે. જેને પગલે કરોડો રુપિયાના વ્યવહારો અટકી પડયા છે. એક તરફ વેપારીઓ હડતાળ પર ઉતર્યા છે. જ્યારે બીજી તરફ સરકારે ખેડૂતોની ખરીદી માટે નોંધણી શરૂ કરી છે. તા.૧ નવેમ્બરથી તા.૩૦ નવેમ્બર સુધી સરકાર નોંધણી કરશે. જેમાં તા.૧૫ નવેમ્બરથી સરકાર દ્વારા મગફળીની ખરીદી શરૂ કરાશે. આ ખરીદીમાં ગેરરીતિ અટકાવવા માટે સરકારે નવા નિયમો પણ બનાવ્યા છે. જો કે આજે સતત બીજા દિવસે નોંધણી કરાવવામાં ખેડૂતોને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હોવાનું જાણવા મળ્યું હતું. સરકાર દ્વારા તા.૧૫ નવેમ્બરથી ટેકાના ભાવે મગફળીની ખરીદીની જાહેરાત કરાઈ છે. પરંતુ મોટાભાગના ખેડૂતોને ટેકાની ખરીદી પહેલા તેમનો માલ વેચી દેવો પડે છે અને ખેડૂતોને રાહત મળતી નથી.

યાર્ડના વેપારી સંગઠનોએ ભાવાંતર યોજના લાગુ કરવાની માંગને સરકારે સાંભળી નહી હોઇ ગઈકાલથી સૌરાષ્ટ્રના ૩૦ ઉપરાંત માર્કેટ યાર્ડમાં અચોકકસ મુદતની હડતાળ જાહેર કરાઈ હતી., જેના કારણે કરોડો રૂપીયાના વ્યવહારો અટકી પડયા છે અને બધી કામગીરી ઠપ્પ થઇ ગઇ છે. ભાવાંતર યોજનાની અમલવારી કરવામાં સરકારની નકારાત્મકતાને લઈને સમગ્ર વેપારી વર્તુળમાં ઉગ્ર આક્રોશ ફેલાયો છે. અન્ય રાજ્યોમાં સારી રીતે ચાલતી આ વ્યવસ્થાને ગુજરાતમાં અમલવારી માટે વેપારી સંગઠનો માંગ કરી રહ્યા છે. દરમ્યાન રાજકોટમાં તો, રોષે ભરાયેલા વેપારીઓએ રાજયના કૃષિમંત્રી આર.સી.ફળદુના પૂતળાનું દહન કરી જોરદાર સૂત્રોચ્ચાર સાથે દેખાવો યોજયા હતા, જેને લઈ વાતાવરણ ગરમાયું હતું. સરકાર ઈરાદાપૂર્વક ભાવાંતર યોજના લાગુ નહી કરી રહી હોવાનો આરોપ પણ વેપારીઓએ લગાવ્યો હતો.

# સુરત : ૨૪ હોમગાર્ડ મહિલાની જાતીય શોષણની ફરિયાદો કરી

**અમદાવાદ,**

સુરત હોમગાર્ડમાં ફરજ બજાવતી ૨૪ જેટલી મહિલાઓ આજે પોલીસ કમિશનર કચેરી ખાતે ફરિયાદ કરવા પહોંચી હતી. ઉપરી અધિકારીઓ (ઓફિસર કમાન્ડિંગ) દ્વારા તેઓનું શારીરિક માનસિક અને જાતિય શોષણ કરતાં હોવાના આરોપ સાથે આ હોમગાર્ડ મહિલાજવાન પોલીસ કમિશનર કચેરી ખાતે ફરિયાદ કરવા પહોંચતાં મામલો ગરમાયો હતો. ખાસ કરીને સુરત સહિત રાજયના પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઇ હતી. સુરત પોલીસ કમિશનરે સમગ્ર મામલાની ગંભીરતા ધ્યાને લઇ તપાસની હૈયાધારણ આપી હતી. બીજીબાજુ, પ્રદેશ કોંગ્રેસના પ્રવકતા ડો.મનીષ દોશીએ હોમગાર્ડની બહેનોના આ પ્રકારે જાતીય શોષણની ઘટનાને શરમજનક ગણાવી હતી અને સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા કે, ભાજપના શાસનમાં સામાન્ય મહિલાઓ તો શું પોલીસ અને સુરક્ષા એજન્સીઓની મહિલા કર્મીઓ પણ અસુરક્ષિત છે. મહિલા હોમગાર્ડએ પોલીસ કમિશનર કચેરી પહોંચીને આરોપ લગાવ્યાં હતા કે, ઉપરી અધિકારીઓ દ્વારા તેમનું શોષણ કરવામાં આવી રહ્યું છે. માનસિક શોષણ કરવાની સાથે સાથે તેમને ઘરકામ માટે અધિકારીઓ બોલાવી તેના ઘરના કામો પણ કરાવાઇ રહ્યા છે. ઓફિસર કમાન્ડિંગ દ્વારા હોમગાર્ડ્સ બહેનોને ખોટી રીતે શારીરિક સ્પર્શ કરવામાં આવતો હોવાનો પણ આરોપ મુકવામાં આવ્યો છે. મહિલાઓએ રોષે ભરાઈને જાતીય શોષણની વિરુધ્ધમાં અવાજ બુલંદ કરતાં સુરત સહિત રાજયના પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઇ છે. સુરત પોલીસ કમિશનર કચેરી ખાતે પહોંચેલી હોમગાર્ડ મહિલાઓએ જણાવ્યું હતું કે, અગાઉ પણ અમે અનેકવાર અરજી આપી ચુક્યા છીએ.

## સુપ્રીમકોર્ટના જસ્ટિસ તરીકે શાહે લીધેલા વિધિવત્ શપથ

**અમદાવાદ,**

સુપ્રીમકોર્ટની કોલેજીયમ દ્વારા મૂળ ગુજરાતી અને અમદાવાદના એવા ગુજરાત હાઈકોર્ટના તત્કાલીન વરિષ્ઠ ન્યાયમૂર્તિ અને પટણા હાઈકોર્ટના ચીફ જસ્ટિસ શ્રી એમ.આર.શાહ, ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ શ્રી આર.સુભાષ રેડ્ડી, મધ્યપ્રદેશ હાઈકોર્ટના ચીફ જસ્ટિસ શ્રી હેમંત ગુપ્તા અને ત્રિપુરા હાઈકોર્ટના ચીફ જસ્ટિસ શ્રી અજય રસ્તોગીએ આજે સુપ્રીમકોર્ટના જસ્ટિસ તરીકે વિધિવત્ શપથ ગ્રહણ કર્યા હતા. સુપ્રીમકોર્ટના ચીફ જસ્ટિસ રંજન ગોગોઇ દ્વારા ચારેય નવનિયુકત જજીસને સુપ્રીમકોર્ટની ચીફ કોર્ટમાં જ હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવાયા હતા. સુપ્રીમકોર્ટમાં આ નવા ચાર જસ્ટિસની વિધિવત્ નિયુકિત સાથે જ સુપ્રીમકોર્ટમાં જજીસની સંખ્યા ૨૮ની થઈ છે. હવે સુપ્રીમકોર્ટમાં જજીસની કુલ મંજૂર જગ્યા ૩૧ કરતાં ત્રણ જજીસની ઘટ છે. સુપ્રીમકોર્ટના જજ તરીકે આપણા ગુજરાતી અને મૂળ અમદાવાદના એવા જસ્ટિસ શ્રી મુકેશકુમાર રસિકભાઈ શાહે આજે શપથ ગ્રહણ કરતાંની સાથે જ ગુજરાતના ન્યાયતંત્ર સહિત સમગ્ર ગુજરાત રાજયમાં ખુશીની લાગણી છવાઈ ગઈ હતી. કારણ કે, ગુજરાતના ન્યાયતંત્ર માટે આ બહુ મોટી અને ગૌરવપૂર્ણ ઘટના હતી. ઉલ્લેખનીય છે કે, બે મહિના પહેલાં શહેરમાં બિસ્માર રસ્તાઓ, આડેધડ પાર્કિંગ અને રખડતા ઢોરોની સમસ્યાને લઈ ગુજરાત હાઈકોર્ટના તત્કાલીન વરિષ્ઠ ન્યાયમૂર્તિ જસ્ટિસ શ્રી એમ.આર.શાહે અમ્યુકો, પોલીસ તંત્ર સહિતના સત્તાધીશોને કરેલા અસરકારક નિર્દેશોનું જ પરિણામ છે કે, હાલ અમદાવાદ અને રાજયના મોટા શહેરોમાં ટ્રાફિક નિયમન, આડેધડ પાર્કિંગ, ગેરકાયદે બાંધકામો-દબાણો દૂર કરવા અંગે અસરકારક ડ્રાઈવ ચાલી રહી છે. જસ્ટિસ એમ.આર.શાહના બાહોશીભર્યા અંદાજ અને જ્ઞાનસભર તેમ જ અભ્યાસુ ચુકાદાઓને લઈને માત્ર ગુજરાત જ નહી પરંતુ સમગ્ર દેશના ન્યાયતંત્રમાં તેમણે એક અનોખુ ઉદાહરણ અને પ્રેરણા પૂરા પાડયા હતા.

# પંચાયત તલાટીઓની પગાર વિસંગતા દૂર કરવાનો નિર્ણય

**પંચાયત અને મહેસુલના તલાટીઓને સમાન ધોરણે બઢતી અને ઉચ્ચતર પગારનો લાભ મળશે : નીતિનભાઈ પટેલ**

**અમદાવાદ,**

નાયબ મુખ્ય મંત્રી નીતિન પટેલે જણાવ્યું છે કે, રાજય સરકારે કર્મચારીઓના પ્રશ્ને હંમેશા ઉદાર વલણ અપનાવ્યું છે, તે પ્રમાણે ૧૨ હજારથી વધુ પંચાયત તલાટીઓના હિતમાં રાજય સરકારે લીધેલા નિર્ણયની જાહેરાત કરતાં તેમણે જણાવ્યું હતું કે, પંચાયત અને મહેસૂલના તલાટીઓ પ્રત્યેર સપ્રમાણ ન્યાલયી વલણ રાખવા પંચાયત તલાટી મહામંડળની રજૂઆત અન્વયે અગાઉના પરિપત્રને રદ કરવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે. જેનાથી વર્ષોથી ફરજ બજાવતા તલાટીઓમાં ઉભી થયેલી પગાર વિસંગતતા દૂર થશે. નાયબ મુખ્યમંત્રી પટેલે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે, અગાઉ તલાટી મહામંડળની હડતાળ વખતે મહેસૂલ મંત્રી કૌશિક પટેલ, આદિજાતી વિકાસ મંત્રી ગણપતસિંહ વસાવા, સામાજિક ન્યાળય અધિકારીતા મંત્રી ઈશ્વરભાઈ પરમાર અને પંચાયત રાજયમંત્રી જયદ્રથસિંહ પરમાર સહિતના મંત્રીઓએ મુખ્યમંત્રી વિજય રૂપાણી સાથે ચર્ચા-વિમર્શ કરી તલાટીઓના પ્રશ્નનું નિરાકરણ કરવા પ્રયત્ન્ કર્યો હતો. આજે રાજયના નાયબ મુખ્યયમંત્રી અને નાણા મંત્રીના અધ્યયક્ષસ્થામને મહેસૂલ મંત્રી કૌશિક પટેલ, સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી ઈશ્વરભાઈ પરમાર, પંચાયત રાજયમંત્રી જયદ્રથસિંહ પરમાર અને ઉપરાંત નાણા, મહેસૂલ, પંચાયત અને સામાન્યપ વહીવટ વિભાગના ઉચ્ચા અધિકારીઓની બેઠક મળી હતી, જેમાં તલાટીઓના પ્રશ્નોના નિરાકરણ માટે વિચાર-વિમર્શ બાદ આ નિર્ણય લેવાયો હતો.

રાજય સરકારના આ નિર્ણયથી પંચાયત વિભાગના તલાટીઓ હવેથી મહેસૂલ તલાટી જે પ્રમાણે જે પગાર ધોરણમાં પ્રમોશન મેળવે છે, તે જ પ્રમાણે હવે બઢતી અને ઉચ્ચ તર પગારનો લાભ મેળવતા થશે. રાજય સરકારના આ નિર્ણયથી બાર હજાર કરતાં વધુ પંચાયત કેડરના તલાટીઓને લાભ થશે.

# કુરેશીની બદલીના વિરોધમાં વકીલો કામગીરીથી દૂર રહ્યા

**અમદાવાદ,**

જસ્ટિસ અકિલ કુરેશીની બદલીના વિરોધમાં આજે ગુજરાત હાઈકોર્ટમાં વકીલોએ સજ્જડ બંધ પાળ્યો હતો. ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ્સ એસોસીએશન દ્વારા હડતાળના અપાયેલા એલાન અનુસંધાનમાં આજે લગભગ તમામ વકીલો કોર્ટ કામકાજથી અળગા રહ્યા હતા. મોટાભાગના વકીલો તો કોર્ટ પ્રાંગણમાં પ્રવેશ્યા ન હતા. તો ઘણા વકીલો હડતાળનો માહોલ જોઈ પરત ફરી ગયા હતા. હાઈકોર્ટના વકીલોએ આજે કોર્ટ કામગીરીથી અળગા રહી જસ્ટિસ અકીલ કુરેશીની બદલી સામે પોતાનો વિરોધ વ્યકત કર્યો હતો. બીજીબાજુ, ગુજરાત હાઈકોર્ટના એકટીંગ ચીફ જસ્ટિસ તરીકે અનંત એસ દવેની જે નિયુક્તિ કરવામાં આવી હતી, તે બદલીને જસ્ટિસ અકીલ કુરેશીને એકટીંગ ચીફ જસ્ટિસ તરીકેનો પદભાર સોંપાયો હતો. જો કે, તેમની બદલીનો વિવાદ હજુ યથાવત્ હોઈ હાઈકોર્ટના વકીલોમાં ભારોભાર નારાજગી ફેલાયેલી છે. જસ્ટિસ અકિલ કુરેશીની બોમ્બે હાઈકોર્ટની બદલીનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. જસ્ટિસ અકિલ કુરેશીની બદલીથી વકીલો નારાજ છે અને આજથી અનિશ્ચિત મુદ્દતની હડતાળ પર ઉતરી ગયા છે. ગુજરાત હાઈકોર્ટમાં બીજા નંબરના સિનિયર જસ્ટિસ અકિલ કુરેશીની સુપ્રીમ કોર્ટના કોલેજિયમ દ્વારા બોમ્બે હાઈકોર્ટમાં બદલીની કરાયેલી ભલામણથી હાઈકોર્ટ બાર એસો.એ ભારે નારાજગી વ્યક્ત કરી હતી અને આજથી અનિશ્ચિત મુદત માટે કામકાજથી અળગા રહી હડતાળ પર ઉતરી ગયા હતા. રાજ્યના તમામ બાર એસોસિએશનને પણ સમર્થન કરવા માટે અપીલ કરાઈ છે. એસોસીએશનની અગાઉ મળેલી બેઠકમાં જસ્ટિસ કુરેશી સાથે કોલેજિયમ દ્વારા અન્યાયપૂર્ણ વ્યવહાર કરવામાં આવી રહ્યો હોવાનો સૂર વ્યક્ત કરવામાં આવ્યો હતો. એસોસિએશનના પ્રમુખ યતિન ઓઝાના નેતૃત્વ રૂબરૂ મળીને ફરિયાદ કરવા પહોંચી છે. હવે મામલો ગરમાતાં અને વિવાદ વધુ વકરતાં સુરત પોલીસ કમિશનર દ્વારા સમગ્ર ઘટનાની તપાસનું આશ્વાસન આપ્યું હતું.

બીજીબાજુ, પ્રદેશ કોંગ્રેસના પ્રવકતા મનીષ દોશીએ હોમગાર્ડની બહેનોના આ પ્રકારે જાતીય શોષણની ઘટનાને શરમજનક ગણાવી હતી અને સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા કે, ભાજપના શાસનમાં સામાન્ય મહિલાઓ તો શું પોલીસ અને સુરક્ષા એજન્સીઓની મહિલા કર્મીઓ પણ અસુરક્ષિત છે.

## સિંધુભવન રોડ પર પરિણિતાની જાહેરમાં છેડતી

**અમદાવાદ,**

શહેર પોલીસ લોકોની સુરક્ષાને લઈ ખાસ કરીને મહિલાઓની સુરક્ષા બાબતે સતર્ક હોવાની વાત કરે છે, પરંતુ હકીકત કંઈક અલગ જ જોવા મળી રહી છે. બોડકદેવ વિસ્તારમાં જાહેર રોડ પર બે યુવકોએ પરિણીતાની છેડતી કરી હોવાનો કિસ્સો સામે આવતાં ભારે ચકચાર મચી ગઈ છે. છાકટા અને બેફામ બનેલા આ લુખ્ખા યુવકોએ પરિણિતાની જાહેરમાં છેડતી કરી મારા બાઈક પર બેસી જા, મારો મોબાઈલ નંબર સેવ કરી લે તેમ કહી પીછો કર્યો હતો.

## સ્ટેચ્યુ ઓફ યુનિટી : ટેન્ટનું ભાડું વધુ હોવાની ફરિયાદો

**અમદાવાદ :** વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટી જોવાનો ખર્ચ કરતા ત્યાંની ટેન્ટ સિટીમાં રહેવાનો ખર્ચ ૧૦ ગણો છે ત્યારે સ્ટેચ્યૂ ઓફ યુનિટીને ટેન્ટ સિટીને ધંધો બનાવી દીધો હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. ૨૫૦ ટેન્ટ ધરાવતી આ ટેન્ટ સિટીનો કોન્ટ્રાકટ ભાજપના નજીકના મનાતા લોકોને આપવામાં આવ્યો છે. પરિણામે ટેન્ટ સિટીનું ભાડું ફાઈવ સ્ટાર હોટલ કરતા પણ વધુ નક્કી કરવામાં આવ્યું છે. ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા આપવામાં આવેલા આ ખાનગી કોન્ટ્રાક્ટને જોતા હવે સવાલો ઉઠી રહ્યા છે કે પ્રવાસન નિગમે પણ પોતાના મળતીયાઓને પ્રવાસીઓને લૂંટવા માટેનો પરવાનો આપી દીધો હશે કે શું? જો કે, સ્ટેચ્યુ ઓફ યુનિટીને ખુલ્લુ મૂકતાંની સાથે જ આ પ્રકારે ઉઘાડી લૂંટ ચલાવવાનું શરૂ કરાતાં આવનાર પ્રવાસીઓ સહિત રાજયના પ્રજાજનોમાં સરકારના ધંધાકીય વલણ અને અભિગમને લઈ ઉગ્ર આક્રોશ ફેલાવા પામ્યો છે. આશ્ચર્યની વાત છે કે, ટેન્ટ સિટીમાં ભાડાનો દર રૂ.૪૫૦૦થી રૂ.૨૪,૦૦૦ હજાર સુધીનો રાખવામાં આવ્યો છે. એટલું જ નહીં સ્ટેચ્યૂ ઓફ યુનિટીમાં આવેલા ટેન્ટ સિટીમાં કાફેટેરિયાનો નાસ્તાના દર પણ ખુબ જ વધુ રાખવામાં આવ્યા છે.

શ્રી IMP
આઈએમપી પાવર્સ લિ.
રજી. ઓફિસ : સર્વે નં ૨૬૩/૩/૨/૨, ગામ સાયલી, ઉમરકોઈ રોડ
સિલ્વાસા, ૩૯૬૨૩૦ દાદરા અને નગર હવેલી (યુ.ટી)
ટેલીફોન નં - ૦૨૬૦-૬૫૩૮૫૭૧, ફેક્સ નં - ૦૨૬૦-૨૬૮૧૦૪૩
વેબસાઈટ : www.imp-powers.com, ઈમેલ : cs@imp-powers.com
CIN L31300DNI96IPLC000232

નોટિસ

સેબીની નિયમન ૪૭ (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫, નોટિસ દ્વારા રેગ્યુલેશન ૨૯ ની જોગવાઈને ધ્યાનમાં રાખીને નોટીસ આપવામાં આવે છે કે કંપનીના બોર્ડ ઓફ ડિરેકટર્સની બેઠક મંગળવાર, ૧૩ નવેમ્બર, ૨૦૧૮ના રોજ બપોરે ૧૨.૩૦ વાગે યોજાશે. કંપનીના કોર્પોરેટ ઓફિસમાં એટલે કે ૩૫/સી, બીજો માળ, પોપ્યુલર પ્રેસ બિલ્ડીંગ, પી.ટી. એમ.એમ. માલવીયા રોડ, તારડેઓ, મુંબઈ-૪૦૦૦૩૪. ખાતે ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ પૂરા થતા અડધા વર્ષ માટે અસ્ક્યામતો અને જવાબદારીઓના નિવેદન સાથે ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ પૂરા થતા બીજા ત્રિમાસિક અને અડધા વર્ષના ગાળા માટેના અન-ઓડિટેડ નાણાકીય પરિણામોને ધ્યાનમાં રાખીને મર્યાદિત સમીક્ષા લીમીટેડ રિવ્યુ રીપોર્ટ સાથે. આ નોટિસ કંપનીની વેબસાઈટ www.imp-powers.com અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com અને www.nseindia.com પર પણ ઉપલબ્ધ છે.

ફોર આઈએમપી પાવર્સ લિ. વતી
પ્રિયા શાહ
કંપની સેક્રેટરી

તારીખ : નવેમ્બર ૨, ૨૦૧૮
સ્થળ : મુંબઈ

રોઝલેબ્સ ફાઈનાન્સ લીમીટેડ
CIN : L67120GJ1995PLC024070
રજી.ઓફિસઃ ૪૦૧ અક્ષત કોમ્પ્લેક્ષ, પાર્શવા કોમ્પ્લેક્ષ બોડકદેવ, ગાંધીનગર- સરખેજ હાઈવે, અમદાવાદ - ૩૮૦૦૦૯ Tel.: 079-40030884
Website: www.roselabsfinancelimited.in, E-mail: roselabsfinance@lodhagroup.com

૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ પૂર્ણ થયેલા ત્રિમાસિક અને અડધા વર્ષના અંતે નાણાકીય પરિણામોનું સ્ટેટમેન્ટ

(રૂા. લાખમાં)

| ક્રમ નં. | વિગત | ત્રિમાસિક ગાળા અંતે ૩૦ સપ્ટે-૧૮ અનઓડીટેડ | અડધા વર્ષના ગાળા અંતે ૩૦ સપ્ટે-૧૮ અનઓડીટેડ | ત્રિમાસિક ગાળા અંતે ૩૦ સપ્ટે-૧૭ અનઓડીટેડ |
|---|---|---|---|---|
| ૧. | ઓપરેશન્સમાંથી આવક | - | ૧.૬૨ | ૧૬૪.૨૧ |
| ૨. | કર અને અપવાદરૂપ વસ્તુઓ પહેલાના વર્ષ માટે ચોખ્ખો નફો / (નુકસાન) | (૧૨.૮૯) | (૨૯.૪૯) | ૯૨.૦૮ |
| ૩. | કર (વર્ષ પછી અપવાદરૂપ વસ્તુઓ બાદ) કર પહેલાં વર્ષ માટે ચોખ્ખો નફો / (નુકસાન) | (૧૨.૮૯) | (૨૯.૪૯) | ૯૨.૦૮ |
| ૪. | કર પછીના વર્ષ માટે (નજીવી વસ્તુઓ બાદ) (નફા પછી) | (૧૨.૮૯) | (૨૯.૪૯) | ૮૯.૪૯ |
| ૫. | વર્ષ માટે કુલ ૫ કુલ વ્યાપક આવક ((વળતર નફો / (નુકસાન) (કર બાદ) અને અન્ય વ્યાપક આવક (કર બાદ)) | (૧૨.૮૯) | (૨૯.૪૯) | ૮૯.૪૯ |
| ૬. | ઈક્વિટી શેર મૂડી (રૂા.૧૦ દરેકનું ફેસ વેલ્યુ) | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ |
| ૭. | રિઝર્વ (પુનર્મૂલ્યાંકન રિઝર્વને બાદ કરતાં) જે દર્શાવે છે અગાઉના વર્ષની ઑડિટ કરેલ બેલેન્સ શીટ | | | (૧,૨૭૮.૬૨) |
| ૮. | શેર દીઠ કમાણી (પ્રત્યેકનું ૧૦ નું ફેસ વેલ્યુ) બેઝીક એન્ડ ડાયલ્યુટેડ (રૂપિયા રકમમાં) | (૦.૧૩) | (૦.૨૯) | ૦.૮૯ |

નોંધ

૧. રેગ્યુલેશન ૩૩ ઓફ ધ સેબી (લીસ્ટીંગ એન્ડ અધર ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ હેઠળ સ્ટોક એક્સચેન્જમાં ફાઈલકરેલ કંપનીના નાણાકીય પરિણામોના આ વિસ્તૃત ફોર્મેટ છે. આ નાણાંકીય પરિણામોનું સંપૂર્ણ ફોર્મેટ સ્ટોક એકસચેન્જની વેબસાઈટ www.bseindia.com અને કંપનીની વેબસાઈટ www.roselabsfinancelimited.in ઉપર પણ ઉપલબ્ધ છે.

રોઝલેબ્સ ફાયનાન્સ લિમિટેડ વતી
સહી/- સંજ્યોત રાંગણેકર
(ડાયરેક્ટર)
ડીઆઈએન -૦૭૧૨૮૯૯૨

સ્થળ : મુંબઈ
તારીખ : ૦૧ નવેમ્બર-૨૦૧૮